# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વિટ્ઝર્લૅન્ડના જિનિવામાં યોજાયેલી વિશ્વ આરોગ્ય સભાને વર્ચ્યૂઅલી સંબોધિત કરી.

2) પ્રધાનમંત્રીએ કહ્યું, સ્વસ્થ વિશ્વનું ભવિષ્ય સમાવેશક અને એકીકૃત દ્રષ્ટિકોણ તથા પરસ્પર સહયોગ પર નિર્ભર કરે છે.

3) વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકરે હેગમાં નેદરલૅન્ડ્સના પ્રધાનમંત્રી, વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રી સાથે મુલાકાત કરી.

4) વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે નવી દિલ્હીમાં સાંસદોના સાત બહુપક્ષીય પ્રતિનિધિ મંડળને જરૂરી માહિતી આપી.

5) IPLમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મૅચમાં રાજસ્થાન રૉયલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM WHO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું, 'સ્વસ્થ વિશ્વનું ભવિષ્ય સમાવેશક અને એકીકૃત દ્રષ્ટિકોણ તથા પરસ્પર સહયોગ પર નિર્ભર કરે છે.' તેમણે ગ્લૉબલ સાઉથના તમામ દેશના ખાસ કરીને આરોગ્ય પડકારોથી અસરગ્રસ્ત થવાનો ઉલ્લેખ કરતા કહ્યું, 'આને પહોંચી વળવા ભારતનો દ્રષ્ટિકોણ એક યોગ્ય, પ્રમાણભૂત અને ટકાઉ મૉડલ રજૂ કરે છે.'

પ્રધાનમંત્રી સ્વિત્ઝર્લેન્ડ જિનિવામાં યોજાયેલી વિશ્વ આરોગ્ય સભાના 78-મા સત્રને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધી રહ્યા હતા. આ સત્ર 19થી 27 મે સુધી યોજાયું છે. દરમિયાન પ્રધાનમંત્રીએ કહ્યું, 'સરકારે દેશભરમાં આરોગ્ય અને આરોગ્ય કેન્દ્રોનું એક વિશાળ નેટવર્ક બનાવ્યું છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય વિમા યોજના "આયુષ્માન ભારત" દેશમાં ચલાવવામાં આવી રહી છે, જેનો લાભ 58 કરોડ લોકોને મળી રહ્યો છે. તેમને નિઃશુલ્ક સારવાર પણ અપાઈ રહી છે.'

શ્રી મોદીએ ભારતની નિઃશુલ્ક ટૅલિમેડિસિન સેવા પર પ્રકાશ પાડતા કહ્યું, આમાં 34 કરોડથી વધુ સલાહ-સૂચન અપાયા છે. ટૅલિમેડિસિનના માધ્યમથી તબીબો દરેક માટે સુલભ છે. તેમણે કહ્યું, સરકારની આરોગ્ય પહેલના કારણે લોકોને ઓછા ખર્ચે સારી આરોગ્ય વ્યવસ્થા મળી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ 'આરોગ્ય માટે એક વિશ્વ' પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું, આ વિષયવસ્તુ વૈશ્વિક આરોગ્ય માટે ભારતના દ્રષ્ટિકોણને સુસંગત છે. તેમણે વિશ્વ આરોગ્ય સંગઠન-W.H.O અને તેના તમામ સભ્ય દેશને આંતર-સરકારી એકમ સંધિના સફળ સંવાદ બદલ શુભેચ્છાઓ પણ પાઠવી. શ્રી મોદીએ કહ્યું, આ ભવિષ્યની મહામારીઓ સામે લડવા વધુ વૈશ્વિક સહકારના માધ્યમથી પરસ્પર પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# PM-GERMAN CHANCELLOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથે વાત કરી અને તેમને પદ સંભાળવા બદલ અભિનંદન આપ્યા. બંને નેતાઓએ ભારત અને જર્મની વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને આતંકવાદ સામે એક થઈને લડત આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# JAISHANKAR-NETHERLANDS

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે આજે હેગમાં નેદરલૅન્ડ્સના પ્રધાનમંત્રી ડિક સ્કૂફ સાથે મુલાકાત કરી. દરમિયાન, બંને નેતાઓએ ભારત-નેદરલૅન્ડ્સ સંબંધમાં વધતા જતા વ્યૂહાત્મક સમન્વય પર સંતોષ વ્યક્ત કર્યો. તેઓ નિયમિત ઉચ્ચસ્તરની મુલાકાત અને આપ-લે દ્વારા દ્વિપક્ષીય સંબંધને મજબૂત બનાવવા પણ સંમત થયા. શ્રી જયશંકરે આતંકવાદ સામેની લડાઈમાં નેદરલૅન્ડ્સના એકતાના નિવેદનની પ્રશંસા કરી હતી.

શ્રી જયશંકરે, નેદરલૅન્ડ્સના વિદેશ મંત્રી કેસ્પર વેલ્ડકૅમ્પ સાથે બેઠક કરી અને દ્વિપક્ષીય સહકારના સમગ્ર ક્ષેત્રની પણ સમીક્ષા કરી. મંત્રીઓએ વેપાર, અર્થતંત્ર, વિજ્ઞાન, ટેક્નોલૉજી, પાણી, ખેતી, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ડિજિટલ ટેક્નોલૉજી, સેમિ-કન્ડક્ટર, કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. અને ગ્રીન હાઈડ્રોજનના નવા અને ઉભરતા ક્ષેત્રમાં સહકાર વધારવાની રીત પર પણ ચર્ચા કરી.

ડૉ. જયશંકરે નેદરલૅન્ડ્સના સંરક્ષણ મંત્રી રુબેન બ્રેકેલમેન સાથે પણ મુલાકાત કરી અને બંને દેશ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સહકારને આગામી સ્તર પર લઈ જવાની તક પર ચર્ચા કરી. બંને પક્ષ સંરક્ષણ ક્ષેત્રમાં સહકારને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા.

# REV MISRI DELEGATION

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે નવી દિલ્હીમાં સાંસદોના સાત બહુપક્ષીય પ્રતિનિધિ મંડળને જરૂરી માહિતી આપી. આ પ્રતિનિધિ મંડળને 'ઑપરેશન સિંદૂર' અંગે અને આતંકવાદ સામે ભારતની વ્યૂહરચના વિશ્વ સમક્ષ રજૂ કરવા તેમજ પાકિસ્તાનમાં ઉદભવતા આતંકવાદ સામે ભારતનું વલણ સ્પષ્ટ કરવા વિવિધ દેશમાં મોકલવામાં આવી રહ્યું છે. પ્રતિનિધિ મંડળમાં સામેલ સાંસદ શ્રીકાન્ત શિંદેએ પ્રતિક્રિયા આપી.

(BYTE- SRIKANT SHINDE, MP)

59 સભ્યના આ પ્રતિનિધિમંડળ આવતીકાલથી આગામી પાંચ જૂન સુધી અમેરિકા, સાઉદી અરબ સહિત કુલ 32 દેશનો પ્રવાસ કરશે.

# SPECIAL FEATURE PARAMVEER CHAKRA

ઑપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી કરતા સમગ્ર દેશ ભારતીય જવાનોની વિરતાને નમન કરે છે. સશસ્ત્ર દળોને શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે આકાશવાણી સમાચાર એક વિશેષ શ્રેણી પ્રસ્તુત કરી રહ્યું છે. આજે આપણે પરમવીર ચક્રથી સન્માનિત નાયબ સુબેદાર બાના સિંહની બહાદૂરીને યાદ કરી રહ્યા છીએ.

(VOICE CAST- ANUPAM MISHRA)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# CDS KUTCH VISIT

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આજે ગુજરાતના કચ્છના નલિયા વાયુસેના મથકની મુલાકાત લીધી. દરમિયાન તેમણે સશસ્ત્ર દળોની બહાદુરી અને ક્ષમતાની પ્રશંસા કરી. શ્રી ચૌહાણે જવાનો સાથે સંવાદ દરમિયાન ઉભરતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને કાર્યલક્ષી તૈયારી અને સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ઑપરેશનના સક્રિય તબક્કા દરમિયાન સુરક્ષા ભંગ કરવાના દુશ્મનના અનેક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં ભારતીય જવાનોના સમર્પણ, હિંમત અને અડગ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા જનરલ ચૌહાણે કહ્યું, ‘આપણા જવાનોએ વ્યાવસાયિકતાના ઉચ્ચતમ ધોરણ જાળવી રાખ્યા છે. પોતાના સંબોધન દરમિયાન તેમણે સ્થાનિક નાગરિક વહીવટી તંત્રનો પણ તેમના સહકાર બદલ આભાર માન્યો હતો. આ ઉપરાંત શ્રી ચૌહાણે ઑપરેશનમાં ઉપયોગમાં લેવાતી નવી અને મજબૂત હવાઈ સંરક્ષણ વ્યવસ્થાઓની સમીક્ષા કરી.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

# SHIVRAJ VIKSIT BHARAT

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, વર્ષ 2047 સુધી કૃષિ ક્ષેત્રમાં વિકસિત ભારતની છબી જોવા સંબંધિત ક્ષેત્રમાં સતત પાંચ ટકાના વિકાસ દર જાળવી રાખવો જરૂરી છે. નવી દિલ્હીમાં આજે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી ચૌહાણે ખેતીને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ અને લોકોની આજીવિકાનું સૌથી મોટું માધ્યમ ગણાવી.

(BYTE- SHIVRAJ SINGH CHAUHAN)

# SC JUDICIAL SERVICE

સર્વોચ્ચ અદાલતે ન્યાયિક સેવામાં પ્રવેશ સ્તરના પદ માટે અરજી કરનારા ઉમેદવારો માટે વકીલ તરીકે ઓછામાં ઓછા ત્રણ વર્ષના અનુભવને ફરજિયાત બનાવ્યો છે. આ અનુભવના સમયગાળાની ગણતરી ઉમેદવારના વકીલ તરીકે પ્રૉવિઝનલ તરીકે નોંધણી થવાની તારીખથી કરી શકાય છે. આ આવશ્યક અનુભવ લાયકાત આજની તારીખ પહેલા વડી અદાલતો દ્વારા શરૂ કરાયેલી ભરતી પ્રક્રિયા પર લાગુ નહીં થાય. આ માત્ર ભવિષ્યની ભરતીઓ પર લાગુ થશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લિગ- IPL ટી-20 ક્રિકેટમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાતી મૅચમાં રાજસ્થાન રૉયલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. જોકે, બંને ટીમ પ્લેઑફમાંથી પહેલા જ બહાર થઈ ગઈ છે.